# શહેરમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા







ગાંધીનગર, તા. ૨૨

આજે અક્ષય તૃતીયા સાથે ભગવાનશ્રી પરશુરામની જન્મ જયંતિ ગાંધીનગરમાં ભારે હર્ષોલ્લાસ સાથે ધામધૂમપૂર્વક ઉજવાઈ હતી. 'જયશ્રી પરશુરામ'ના ગગનભેદી નાદ સાથે ગાંધીનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્યથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન, સે. ૧૬ ખાતેથી બપોરે ૪.૦૦ કલાકે પ્રસ્થાન થયુ હતુ. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાઈક, કાર, જીપ જેવા વાહનો લઈને જોડાયા હતા અને શોભાયાત્રાના સમગ્ર રૂટ દરમ્યાન 'જય પરશુરામ', 'હર હર મહાદેવ' અને 'ભારત માતા કી જય' જેવા ગગનભેદી નારાઓથી વાતાવરણ ગજવી મુક્યુ હતુ. હાથમાં કેસરી ભગવા રંગની ધજાઓ અને માથે કેસરીયા સાફા પહેરીને મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો સહિત ભુદેવો જોડાયા હતા. જય પરશુરામના જયઘોષ અને ડી.જે.ની સુરાવલી સાથે નિકળેલી શોભાયાત્રામાં સે. ૧૬ થી આગળ વધીને સે. ૨૨ના રૂટમાં આગળ વધી હતી જ્યાં પંચદેવ મંદિર પાસે યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. ત્યાંથી આગળ વૈજનાથ મહાદેવ મંદિરથી ચ-૬ થઈને ખ-૬ સર્કલ ફરીને મહાત્મા મંદિરથી સરગાસણ ચોકડીથી નાગરિક બેંક પાસેથી બ્રહ્મસમાજ ભવન સે. ૧૬

**જય પરશુરામના જયઘોષથી નગર ગુંજી ઉઠ્યુ : યાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું**

ખાતે પરત ફરી હતી. નગરજનોએ શોભાયાત્રાનુ વિવિધ રીતે સ્વાગત કર્યુ હતુ. ભગવાન પરશુરામની શોભાયાત્રાને અંતે બ્રહ્મભવન ખાતે બ્રહ્મભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભોજન લીધુ હતુ. સાંજે ૭ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ગરબા, ડી.જે., ઢોલ-નગારા, સાફા, કેસરી ધજાઓ, સોનેરી બગી, પરશુરામજી, મહાદેવજીનો વેશ ધારણ કરેલ ભાવિકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ અવસરે ગાંધીનગર મનપાના મેયર હિતેશ મકવાણાએ ભગવાન શ્રી પરશુરામના દર્શન કરીને સૌનું જીવન તપ, સંયમ, સાહસ, પરાક્રમ અને કર્તવ્યનિષ્ઠા જેવા ગુણોથી યુક્ત બને તેવી પ્રાર્થના કરી હતી. આ શોભાયાત્રામાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ રૂચિર ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાઉન્સિલરો, બ્રહ્મસમાજના આગેવાનો, બ્રહ્મસમાજના પ્રદેશ પ્રમુખ પિનાકીન રાવલ તથા સર્વશ્રી નિશીત વ્યાસ, કૃષ્ણકાન્ત જહા, કનૈયાલાલ પંડ્યા, આશિષભાઈ દવે, ગૌરાંગ વ્યાસ, મુંજાલ રાવલ, ભાવેશ વ્યાસ, મિતુલ જોષી સહિત સમાજના પ્રમુખ નરેશભાઈ દવે અને સમાજના સેંકડો ભૂદેવો જોડાયા હતા.

તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર (રાજ્યકક્ષા) દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા યોજાઈ હતી. જે સવારે ૭.૩૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન બ્રહ્માકુમારી સે. ૨૮ થી હડમતિયા હનુમાન મંદિર સરગાસણ સુધી યોજાઈ હતી.

# વાવોલ વિસ્તારમાં રખડતા ઢોરની સમસ્યાથી નાગરિકો ત્રસ્ત...!!!

**કિર્તિધામથી ક-રોડ અને ભાગોળથી હરીનગર સોસાયટી સુધી રખડતાં ઢોરના ધણ : બાળકો-મહિલાઓ અને વડીલો માટે ચાલતાં નીકળવું જોખમી : અકસ્માત સર્જાવાની ભિતિ**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં હજુપણ સેક્ટરોમાં આંતરિક અને મુખ્ય માર્ગો પર રખડતાં ઢોરની સમસ્યા સતાવી રહી છે તે રીતે શહેરમાં સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ સમસ્યા નાગરિકો માટે માથાનો દુઃખાવો બની રહી છે. શહેરમાં વાવોલ વિસ્તારમાં રખડતાં ઢોરના ત્રાસથી નાગરિકો ભારે પરેશાની અનુભવી રહ્યાં છે અને વાહનચાલકો માટે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. થોડા સમય પૂર્વે સમગ્ર રાજ્યમાં રખડતાં ઢોરની સમસ્યા સામે ભારે ઉહાપોહ થવા પામ્યો હતો જેને અનુલક્ષીને રાજ્ય સરકારે પણ વિધાનસભામાં ઉતાવળે ઢોર નિયંત્રણ કાયદો પાસ કરાવી દીધો હતો પરંતુ તેને અમલમાં લાવતાં સરકારના નાકે દમ આવી ગયો હતો. આ કાયદા સામે માલધારીઓના વિરોધ વચ્ચે છેવટે સરકારે કાયદો પરત ખેંચવો પડ્યો હતો. જોકે આ બધી રાજકીય ખેંચાખેંચીમાં સામાન્ય માનવી જે વારંવાર રખડતાં ઢોરની હડફેટે ચડી જાય છે અથવા રખડતાં ઢોરને કારણે વાહન વ્યવહાર સહિત અનેક બાબતમાં પરેશાનીનો ભોગ બને તેની મુશ્કેલી તો ત્યાંની ત્યાં જ રહી કેમકે સરકારે તો કાયદો પરત ખેંચીને હાથ ઉંચા કરી લીધાં પરંતુ તેની સામે પશુપાલકો-માલધારીઓએ પણ પોતાની ફરજ કે જવાબદારી સમજીને શહેરમાં ઢોરને રખડતાં નહીં મુકવા જોઈએ તેવી નૈતિકતા નિભાવવાનું યોગ્ય સમજ્યું હોય તેવું લાગતું નથી. આજે પણ છાશવારે શહેરના માર્ગો પર રખડતાં ઢોરની હડફેટે આવતાં વાહનો કે વ્યક્તિઓના સમાચારો ચમકતાં રહે છે અને સોશિયલ મિડીયા પર વિડિયો પણ વાઈરલ થતાં રહે છે. ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં પણ લાંબા સમયથી રખડતાં ઢોરની સમસ્યા સતાવી રહી છે અને ખાસ કરીને વાવોલની કિર્તિધામ સોસાયટીથી શાલીન-૬ થઈને ક રોડ તરફના માર્ગે અને ગ્રીન સોસાયટી થઈને ગામની ભાગોળને આવરી લેતાં રેલવે ફાટક સુધીના માર્ગે આ સમસ્યા ભારે મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. આ સાથે ગામના બજાર વિસ્તારમાં પણ પાણીની ટાંકીથી સેન્ટ્રલ બેંક થઈને હરીનગર સોસાયટી તરફના મુખ્ય માર્ગે પણ વારંવાર ઢોરના ધણ રખડતાં જોવા મળે છે. આ સમસ્યાને પગલે વાવોલના વધતાં ટ્રાફિકમાં અકસ્માત સર્જાવાની શક્યતા વધી રહી છે તેમજ અશક્ત વડીલો કે બાળકો-મહિલાઓ માટે રખડતાં ઢોરની હડફેટે ચઢવાની ભીતિ સતાવી રહી છે. સત્વરે વાવોલ વિસ્તારમાં રખડતાં ઢોર અંગે કડક કાર્યવાહી કરીને ઢોર પકડવા સાથે ઢોરને રખડતાં રેઢાં મુકવા બદલ પશુમાલિકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાય તેવી તાતી જરૂરિયાત જણાઈ રહી છે.



# સાતત્યપૂર્ણ રીતે બાળકોને પ્રિય એવી ૨૮મી આત્મન્ અભિવ્યક્તિ બાળશિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

આત્મન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે વેકેશનના સમયમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મતનો ખજાનો આપતી બાળશિબિરનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે.

સતત ૨૮મી આત્મન્ અભિવ્યક્તિ બાળશિબિર ગાંધીનગરમાં સુંદર નૈસર્ગિક સ્થાને યોજાશે. આ શિબિર તા. ૨૯, ૩૦ એપ્રિલ અને તા. ૧ મે, ૨૦૨૩ (શનિ, રવિ, સોમ) એમ ત્રણ દિવસ માટે સવારના ૯.૩૦ થી સાંજના ૬ દરમિયાન યોજાશે.

શિબિર યોજવાનું સ્થળ સરકારી આયુર્વેદ વનૌષધિ ઉદ્યાન, સર્કિટહાઉસ પાછળ, બોરીજ રોડ, ગાંધીનગર રહેશે. ધોરણ-૧ થી ૯ ના બાળકો શિબિરમાં ભાગ લઈ શકશે.

આ શિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે બ્રિધિંગ એક્સરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ, ક્રાફ્ટ, નૃત્ય, રમતગમત, નાટક-અભિનય, જાદુના-વિજ્ઞાનના પ્રયોગો વગેરે કરાવવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા બાળકો અથવા તેમના વાલીઓએ નીચે દર્શાવેલ સ્થળેથી ફોર્મ મેળવી ભરીને નામ નોંધાવવાનું રહેશે.

શિબિર ફી રૂપિયા ૪૦૦ છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬-૪-૨૦૨૩ છે.

પ્રવેશ માટે સુધાબેન શુકલ, ૯/૪૯, પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭, (મો. ૯૮૭૯૨૭૯૫૨૯), તુષાર દવે, પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩-એ-ન્યુ, (મો. ૯૨૭૫૧૫૩૮૦૪), જિગરભાઈ પટેલ, લાડલી બ્યુટી કલેક્શન, ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર-૨૧ (મો. ૯૮૯૮૦૬૧૨૯૦), સંજય થોરાત, પ્લોટ ૬૩૫/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮-બી, (મો. ૯૪૨૬૮૮૦૪૦૦), ક્રિનલ જાની/વિક્રમભાઈ જાની, પ્લોટ નં. ૪૭૨/૨, ખ-રોડ, સેક્ટર-૪-બી, (મો. ૯૭૨૭૭૨૦૬૮૬), જયશ્રી ખેતિયા, પ્લોટ નં. ૮૫૦, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, (મો. ૯૩૭૪૮૦૫૯૪૮), કુંતલ નિમાવત, ૨૮, શાલ્વિક હોમ્સ-૨, દિયા ગ્રીન્સ પાર્ટી પ્લોટ પાસે, વાવોલ, (મો. ૯૮૨૪૫૧૦૧૪૫)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સફાઈ કામદારોને રક્ષણ આપવા ડેમોક્રેટીક પીપલ્સ એસો.ની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારે એક અખબારી નિવેદનમાં જણાવ્યુ છે.

કે ઈન્ડીયન એક્સપ્રેસમાં સફાઈ કર્મચારીઓના મૃત્યુ અંગે કોંગ્રેસ નેતા જીગ્નેશ મેવાણીએ નિવેદન દ્વારા વખોડી કાઢી રાજ્ય સરકાર દલિત સફાઈ કામદારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે તેવો આક્ષેપ કર્યો છે.

મેવાણીએ સમજવુ જરૂરી છે કે સરકારને આવા કાર્યમાં જેન્યુઆઈન રસ નથી, પરંતુ મેવાણી ચૂંટણી જીત્યા પછી તરત જ જાહેર નિવેદન કરી સફાઈ કામદારો તથા સ્કેવેન્જર્સના પ્રશ્નોને પ્રાથમિકતા આપવા બોલ્યા હતા. ત્યારપછી કોઈ કાર્યક્રમ આ બાબતમાં લીધો નથી. હવે આ અખબારીયાદી દ્વારા તેમને વિનંતી કરૂ છું કે આ પ્રશ્ન તેઓ હાથ ધરે અને રાજ્ય સરકારે મેન્યુઅલી સ્કેવેન્જર્સ બંધ કરવાનો જે કાયદો કર્યો છે તેનુ પાલન થાય તે માટે આંદોલન કરે.

ગુજરાત હાઈકોર્ટે પણ રાજ્ય સરકારને ૨૦૦૬ના વર્ષ માટે સેલ્યુઅલ સ્કેવેન્જર્સ તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપેલ છે.

તેના સંદર્ભમાં પણ જરૂર પડે મેવાણીએ ઉપવાસ પર ઉતરવા તૈયારી કરવી પડશે અને સફાઈ કામદારોના સંગઠનોનો સાથ લેવાનો રહેશે. પ્રથમ તો આવી કામગીરી માટેની કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરવી જોઈએ કારણ કે સ્કેવેન્જર્સની કામગીરી માટે જરૂરી મશીન વસાવતા નથી અને કર્મચારીને ગટર વિ.માં ઉતારે છે.

સરકારે આ કામગીરી મશીન દ્વારા થાય તે માટે હાથ પર લેવી જોઈએ.

આ કામગીરી કાયદા અન્વયે બંધ કરવાથી જે સફાઈ કામદારો બેકાર થાય તેમને સરકારે જુદી જુદી સરકારી કચેરીને, વિભાગોમાં પટાવાળા તરીકે અને સરકારી તથા અર્ધ સરકારી બગીચાઓમાં માળી, પાણી છાંટવાની કામગીરીમાં નોકરી આપવી જોઈએ એવી રજૂઆત કરવી જોઈએ.

# ઉવારસદ સ્વામિનારાયણ મંદિરનું જરૂરિયાતમંદ બાળકોને ચંપલ વિતરણ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે શ્રી નરનારાયણ દેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરને આગામી વર્ષે ૧૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે જેના પગલે તા.૧૧થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન રજત શતાબ્દી મહોત્સવ ૯ ઉજવવા જઈ રહ્યો છે.

આ મહોત્સવના ઉપલક્ષો આચાર્ય મહારાજ કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા સમગ્ર ધર્મકુળના આજ્ઞા અને આશીર્વાદથી ઉવારસદ સ્વામિનારાયણ મંદિર દ્વારા અનેક સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. આ સેવાકીય કાર્ય અનુસંધાને મંદિર દ્વારા ઉવારસદ ગામના જરૂરિયાતમંદ બાળકોને આ કાળઝાળ ગરમીમાં બાળકોને તકલીફ ના પડે તે હેતુથી નિઃશુલ્ક ચંપલ વિતરણ કરવામાં આવ્યું હતું. ચંપલ મેળવીને શ્રમિક પરિવારોના બાળકોમાં અનેરી ખુશીની લહેર પ્રસરવા પામી હતી.

# બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની ગાંધીનગર શાખા દ્વારા પરશુરામ યાત્રા નિકળી





ગાંધીનગર, તા. ૨૨

પરશુરામ જયંતિ નિમિત્તે પાટનગરના રસ્તા ભવ્ય શોભાયાત્રાથી ખીલી ઉઠ્યા હતા. ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામનો જન્મ વૈશાખ માસના શુકલ પક્ષની ત્રીજના દિવસે થયો હતો જે હિન્દુ ધર્મ માટે પવિત્ર દિવસ મનાય છે.

ગાંધીનગરમાં પરશુરામ જયંતિની વાજતે ગાજતે, પરશુરામના જય જયકાર સાથે, તેમજ ગીતો સાથે શોભાયાત્રા પ્રારંભ થઈ હતી. જેમાં ૧૧ જેટલી સોનેરી બગીઓ તૈયાર કરવામાં આવી હતી અને તેમા પરશુરામ, ભગવાન શિવ અને કૃષ્ણ બિરાજમાન હતા. શોભાયાત્રામાં શહેરના મેયર હિતેશભાઈ મકવાણા તેમજ ધારાસભ્ય શ્રીમતિ રીટાબેન પટેલે પોતાનું સ્થાન શોભાવ્યુ હતુ.

શોભાયાત્રા સેક્ટર-૨૮ સ્થિત ઓમશાન્તિ કેન્દ્રથી નીકળીને ઘ-રોડને શોભાવતી સેક્ટર-૧૨ ખાતે ઉમિયામાતાના મંદિરે થઈ સેક્ટર-૬ના ભુવનેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરીને સેક્ટર-૪ના ઓમકારેશ્વર મંદિર થઈ પાટનગરના રસ્તા શોભાવતી સરગાસણ ખાતે નીલકંઠ મહાદેવ મંદિરે સમાપ્ત થઈ હતી.

શોભાયાત્રાની સોનેરી બગીઓથી પાટનગરના રસ્તા સોનેરી બન્યા હતા. આ ભવ્ય યાત્રામાં મોટી સંખ્યામાં પરશુરામ ભક્તો જોડાયા હતા. તેમના દ્વારા પરશુરામનો જય જયકાર કરીને ઉલ્લાસ વ્યક્ત કરાયો હતો.

# પીડીઈયુ ખાતે સિવિલ સર્વિસ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૨

પબ્લિક પોલિસી એન્ડ વહીવટના ક્ષેત્રમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડિઝ દ્વારા વર્તમાન સમયના વહીવટ અને શાસનમાં સિવિલ સર્વન્ટ્સની ભૂમિકા પર વિદ્યાર્થી પોસ્ટર પ્રસ્તુતિઓનું આયોજન કરીને ૧૬મો રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવ નિપુણા એમ તોરવણેએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમની અધ્યક્ષતા પીડીઈયુના ડીજી પ્રો. સુંદર મનોહરન દ્વારા કરવામાં આવી હતી.

નિપુણા તોરવણેએ




વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરતી વખતે ગુજરાત પોલીસ સેવાઓના ડિજિટલાઈઝેશન અને નાગરિક સેવાઓની ઉત્કૃષ્ટતા માટે પોલીસ સેવાઓને મજબૂત કરવા સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓ વિશે વાત કરી હતી.